# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.

**સને : ૨૦૧૯-૨૦૨૦**



## ૫૩મો વાર્ષિક અહેવાલ




| | | |
|---|---|---|
| સભાસદ સંખ્યા | : | ૧૧૫૦ |
| કરજદાર સભ્ય સંખ્યા | : | ૬૦૨ |
| મંજૂર થયેલ શેર ભંડોળ | : | ૫,૦૦,૦૦,૦૦૦/- |
| વસુલ આવેલ શેર ભંડોળ | : | ૪,૬૪,૭૫,૫૪૦/- |
| થાપણ | : | ૨૮,૯૯,૩૭,૮૦૬/- |
| રીઝર્વ ફંડ | : | ૧,૫૫,૮૧,૫૬૬/- |

૧૬૨/૧, આનંદ વાટિકા, સેક્ટર-૨૨,
ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૨૫૭૩૨

ઓડિટ વર્ગ : ઓડિટ બાકી

બેન્કર્સ : ધી અમદાવાદ ડી. કો. ઓ. બેંક લી., પાટનગર શાખા, સેક્ટર-૧૬, ગાંધીનગર

# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.

## કાર્યવાહક મંડળ
## ૨૦૧૯-૨૦૨૦



પ્રમુખશ્રી
**પંકજકુમાર કે. ગજ્જર**
રાંધેજા વિભાગ



મંત્રીશ્રી
**ચેતનકુમાર જી. પટેલ**
અડાલજ વિભાગ



ઉપપ્રમુખશ્રી
**દિપકકુમાર એચ. ચાનપુરા**
ડભોડા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**અશ્વિનકુમાર એમ. પટેલ**
ડભોડા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**હર્ષદકુમાર સી. પટેલ**
ડભોડા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**પિયુષકુમાર એચ. પટેલ**
અડાલજ વિભાગ



કારોબારી સભ્યશ્રી
**પરેશકુમાર જી. સુતરિયા**
અડાલજ વિભાગ



કારોબારી સભ્યશ્રી
**બાબુભાઈ એસ. પટેલ**
ડભોડા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**સમીર જી. અમીન**
અડાલજ વિભાગ



કારોબારી સભ્યશ્રી
**મનોજકુમાર જી. પટેલ**
રાંધેજા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**ભીખુસિંહ યુ. પરમાર**
ડભોડા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**દિવ્યેશકુમાર ડી. પંડ્યા**
ડભોડા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**હસમુખકુમાર એસ. પ્રજાપતિ**
અડાલજ વિભાગ



કારોબારી સભ્યશ્રી
**ચેતનકુમાર ડી. પટેલ**
રાંધેજા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**કૃણાલ જે. પટેલ**
રાંધેજા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**કૃણાલકુમાર એન. ચૌધરી**
રાંધેજા વિભાગ



આમંત્રિત કારોબારી સભ્યશ્રી
**દેવકુમાર પી. કલવાણી**
અડાલજ વિભાગ

## કાર્યવાહક મંડળ ૨૦૧૯-૨૦૨૦

| નં. | નામ | હોદ્દો | શાળા |
|---|---|---|---|
| ૧. | **શ્રી પંકજકુમાર કાન્તિલાલ ગજ્જર** | **પ્રમુખશ્રી** | **મ.શિ., સોનીપુર પ્રાથમિક શાળા** |
| ૨. | શ્રી દિપકકુમાર હસમુખભાઈ ચાનપુરા | ઉપ પ્રમુખશ્રી | આચાર્યશ્રી, વલાદ પગાર કેન્દ્ર શાળા |
| ૩. | શ્રી અશ્વિનકુમાર મથુરભાઈ પટેલ | કા. સભ્યશ્રી | મ.શિ. સોરાબપુરા પ્રાથમિક શાળા |
| ૪. | શ્રી હર્ષદકુમાર ચીમનભાઈ પટેલ | કા. સભ્યશ્રી | આચાર્યશ્રી, ચિલોડા પગાર કેન્દ્ર શાળા |
| ૫. | શ્રી પિયુષકુમાર હરગોવિંદભાઈ પટેલ | કા. સભ્યશ્રી | આચાર્યશ્રી, રાણજીપુરા પ્રાથમિક શાળા |
| ૬. | શ્રી પરેશકુમાર ગણેશભાઈ સુતરિયા | કા. સભ્યશ્રી | આચાર્યશ્રી, બગલાવાડી હુડકો પ્રાથમિક શાળા |
| ૭. | શ્રી બાબુભાઈ સોમાભાઈ પટેલ | કા. સભ્યશ્રી | મ.શિ., દશેલા પગાર કેન્દ્ર શાળા |
| ૮. | શ્રી સમીર ગૌરીભાઈ અમીન | કા. સભ્યશ્રી | મ.શિ., તારાપુર પ્રાથમિક શાળા |
| ૯. | શ્રી મનોજકુમાર ગોપાળભાઈ પટેલ | કા. સભ્યશ્રી | મ.શિ., પેથાપુર કન્યા-૨ પ્રાથમિક શાળા |
| ૧૦. | શ્રી ભીખુસિંહ ઉદેસિંહ પરમાર | કા. સભ્યશ્રી | મ.શિ., સાલુજીના મુવાડા પ્રાથમિક શાળા |
| ૧૧. | શ્રી દિવ્યેશકુમાર ડાહ્યાલાલ પંડ્યા | કા. સભ્યશ્રી | આચાર્યશ્રી, પરમારપુરા પ્રાથમિક શાળા |
| ૧૨. | શ્રી હસમુખકુમાર શંકરભાઈ પ્રજાપતિ | કા. સભ્યશ્રી | આચાર્યશ્રી, નવાકોબા પગાર કેન્દ્ર શાળા |
| ૧૩. | શ્રી ચેતનકુમાર ધીરુભાઈ પટેલ | કા. સભ્યશ્રી | આચાર્યશ્રી, કૃષ્ણનગર પ્રાથમિક શાળા (ટીંટોડા) |
| ૧૪. | શ્રી કૃણાલ જયંતિલાલ પટેલ | કા. સભ્યશ્રી | મ.શિ., વાસન પ્રાથમિક શાળા |
| ૧૫. | શ્રી કૃણાલકુમાર નારાયણભાઈ ચૌધરી | કા. સભ્યશ્રી | મ.શિ., કોલવડા પગાર કેન્દ્ર શાળા |
| ૧૬. | શ્રી દેવકુમાર પ્રતાપરાય કલવાણી | આમંત્રિત કા.સભ્યશ્રી | મ.શિ., શેરથાપરા પ્રાથમિક શાળા |

## મંત્રીશ્રી

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી ચેતનકુમાર ગણેશભાઈ પટેલ | મંત્રીશ્રી | આચાર્યશ્રી, સુઘડ પ્રાથમિક શાળા |

## આંતરિક ઓડીટરશ્રીઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી અશ્વિનભાઈ ભુલાભાઈ પ્રજાપતિ | ઓડીટરશ્રી | આચાર્યશ્રી, શાહપુર પ્રાથમિક શાળા |
| ૨. | શ્રી પ્રિયંકાબેન સુરેશભાઈ મકવાણા | ઓડીટરશ્રી | આચાર્યશ્રી, દંતાલી પ્રાથમિક શાળા |
| ૩. | શ્રી હિતેષકુમાર ચંદ્રકાન્તભાઈ પટેલ | ઓડીટરશ્રી | મ.શિ. ચામુંડાપુરા પ્રાથમિક શાળા |

## કાર્યાલય કર્મચારીગણ

| | | |
|---|---|---|
| ૧. | શ્રી મન્વેશકુમાર રામાભાઈ પટેલ | કાર્યાલય મંત્રીશ્રી |
| ૨. | શ્રી આકાશ દિપકભાઈ સોની | કાર્યાલય મંત્રીશ્રી |
| ૩. | શ્રી જીગર મથુરભાઈ રાવળ | સેવક |

# આમંત્રણ

## વાર્ષિક સાધારણ સભા

**સન્માનનીય સભાસદ ભાઈઓ/બહેનો,**

જયભારત સહ જણાવવાનું કે, શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.ની સને ૨૦૧૯-૨૦૨૦ના વર્ષની **સાધારણ સભા કોરોના વાયરસ (Covid-19)** મહામારીના કારણે બીજી કોઈ સુચના કે સમાચાર ના મળે ત્યાં સુધી હાલ મોકૂફ રાખેલ છે.

## એજન્ડા

૧. ગત સભાનો અહેવાલ મંજૂર કરવા બાબત.

૨. સને ૨૦૧૯-૨૦૨૦ ના વર્ષમાં વ્યવસ્થાપક મંડળે કરેલ ઠરાવોને બહાલી આપવા બાબત.

૩. સને ૨૦૧૯-૨૦૨૦ ના વર્ષનું સરવૈયું મંજૂર કરવા બાબત.

૪. સને ૨૦૧૯-૨૦૨૦ ના નફાની કાર્યવાહક મંડળ દ્વારા કરેલ વહેંચણીને બહાલી આપવા બાબત.

૫. સને ૨૦૨૦-૨૧નું અંદાજપત્ર (બજેટ)નું વાંચન કરવા બાબત.

૬. મંડળીના મંજૂર થયેલ શેરભંડોળની મર્યાદા વધારવા બાબત.

૭. સને ૨૦૨૦-૨૦૨૧ ના વર્ષ માટે નિમાયેલા પ્રમુખશ્રી તથા મંત્રીશ્રીને બહાલી આપવા બાબત.

૮. સને ૨૦૨૦-૨૦૨૧ના માનદ આંતરિક ઓડિટરશ્રીઓની નિમણૂંકને બહાલી આપવા બાબત.

૯. સને ૨૦૧૯-૨૦ના મંડળીના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, તથા મંત્રીશ્રીનું સન્માન કરવા બાબત.

૧૦. તા. ૦૧-૦૬-૨૦૧૯ થી ૩૧-૦૫-૨૦૨૦ સુધીમાં નિવૃત થયેલ મંડળીના સભાસદ ભાઈઓ-બહેનોનું સન્માન કરવા બાબત.

૧૧. તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવા બાબત.

૧૨. પ્રમુખ સ્થાનેથી રજૂ થાય તે.

**પંકજકુમાર કાન્તિલાલ ગજ્જર**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**ચેતનકુમાર ગણેશભાઈ પટેલ**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

---


તા.ક. (૧) સભા મળવાના સમયથી એક કલાક સુધીમાં કોરમ થયું નહીં હોય તો એક કલાક બાદ તે જ સ્થળે સભાનું કામકાજ એજન્ડા પ્રમાણે કરવામાં આવશે. જે કાયદેસર ગણાશે.

(૨) મંડળીના પ્રશ્નો બાબતે જે માહિતી જોઈતી હોય તે બાબતે મીટીંગના પાંચ દિવસ અગાઉ મંડળીના કાર્યાલયથી મેળવી લેવી. તેમજ પ્રશ્નો-સૂચનો દસ દિવસ અગાઉ લેખિતમાં રજૂ કરવા.

## પ્રમુખશ્રીનું નિવેદન

આદરણીય સભાસદ શિક્ષક ભાઈઓ / બહેનો,

સાદર નમસ્કાર



પંકજકુમાર કાંતિલાલ ગજ્જર
પ્રમુખશ્રી
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

આપણી મંડળીની ૫૩મી વાર્ષિક સાધારણ સભામાં આપ સૌનુ હાર્દિક સ્વાગત કરતાં આનંદની લાગણી અનુભવું છું.

આપણી મંડળી સને ૨૦૧૯-૨૦ નું હિસાબી વર્ષ પૂરું કરી ૫૪મા વર્ષમાં વિકાસની કેડી પર આપ સૌના સાથ સહકારથી આગેકૂચ કરી રહેલ છે. વ્યવસ્થાપક મંડળે ભલામણ કરેલ વર્ષ ૨૦૧૯-૨૦૨૦ નો વાર્ષિક અહેવાલ આપ સૌ સમક્ષ રજૂ કરતાં હું આનંદની લાગણી અનુભવું છું.

મને આશા છે કે આ અહેવાલના અભ્યાસ દ્વારા આપ સૌને જણાશે કે વહીવટમાં સુગમતા અને ચોક્કસ દિશા આપીને મંડળીની પ્રગતિમાં હરણ ફાળ ભરીને વિકાસના પંથે આગેકૂચની દિશામાં પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેના પરિણામ સ્વરૂપે આપણી મંડળીનો પારદર્શક વહીવટ અને આ વર્ષનો નફો આપની સામે છે.

સંપ - સેવા - સહકાર - સંગઠનની ભાવનાના પાયા પર રચાયેલી આપણી મંડળીને પ્રગતિ તરફ લઈ જનાર એ પૂર્વ આદ્ય સંસ્થાપકોને યાદ કરતા થાપણદારો અને સભાસદ ભાઈ-બહેનોને ખૂબ ખૂબ સન્માન સાથે અહીં આવકારું છું.

૧. **સભાસદ સંખ્યા :** ગત વર્ષ આખરે સભાસદ સંખ્યા ૧૧૯૦ હતી. વર્ષ દરમ્યાન ૩૬ સભાસદો નવા દાખલ થયેલ છે તેમજ વયનિવૃત્તિ, તાલુકા / જીલ્લા / શહેર વિસ્તાર ફેરબદલી, સ્વૈચ્છિક રાજીનામાના કારણે ૭૬ સભાસદોના રાજીનામા મંજૂર થતાં વર્ષ આખરે ૧૧૫૦ સભાસદો બાકી રહે છે.

૨. **શેરભંડોળ :** ગત વર્ષ આખરે શેરભંડોળ રૂા.૪,૪૭,૦૮,૯૬૦ હતું. તે માંથી રૂા. ૨૭,૭૬,૮૮૦/- પરત ચૂકવ્યા તથા ચાલુ વર્ષના અંતે રૂા. ૪૫,૪૩,૪૬૦/- નો શેરભંડોળમાં વધારો થતાં વર્ષ આખરે રૂા. ૪,૬૪,૭૫,૫૪૦/- શેરભંડોળ થયેલ છે.

૩. **કરજ :** ગયા વર્ષ આખરે કરજ રૂા.૩૮,૬૫,૦૨,૧૦૦/- બાકી હતું. જેમાં વર્ષ દરમ્યાન રૂા.૩૦,૩૩,૦૯,૪૦૦/- કરજ વસૂલાત આવેલ છે. તેમજ રૂા.૩૧,૭૪,૨૪,૫૦૦/- કરજ ધીરાણ કરતાં વર્ષ આખરે રૂા.૪૦,૦૬,૧૭,૨૦૦/- કરજ બાકી રહે છે.

૪. **નફો :** ચાલુ વર્ષના સમયગાળા દરમિયાન વહીવટી ખર્ચમાં કરકસર કરેલ છે. ફરજીયાત બચત પર વ્યાજ, કરજ વ્યાજ, વળતર, નિવૃત્તિ યોજના ફાળો, ડેથ બેનીફીટ યોજના ખાતે વગેરે ફંડોની જોગવાઈ કર્યા બાદ મંડળીએ રૂા.૫૪,૭૮,૧૦૯/-નો નફો કરેલ છે.

૫. **નફાની વહેંચણી :** ચાલુ વર્ષે મંડળીએ આપણા સભાસદોને ફરજીયાત બચત પર ૯.૦૦% વ્યાજ, શેર ડિવિડન્ડ ૮.૦૦% તેમજ વ્યાજ વળતર ૨.૦૦% ચૂકવવાનું કાર્યવાહક મંડળે ભલામણ કરેલ છે.

૬. **કરજ લેનાર સભ્યો :** આપણી મંડળીના કુલ સભાસદો ૧૧૫૦ છે. જે પૈકી કરજ લેનાર સભાસદોની સંખ્યા ૬૦૨ છે. કરજ નહીં લેનાર સભાસદોની સંખ્યા ૫૪૮ છે.

૭. **સભાસદ થાપણ :** ગત વર્ષના અંતે આપણી મંડળીમાં રૂા.૨૪,૬૬,૪૭,૭૯૩/- થાપણ જમા હતી. જેમાં ચાલુ વર્ષે નવી થાપણ રૂા. ૪,૩૨,૯૦,૦૧૩/- નો વધારો થતાં વર્ષ આખરે રૂા.૨૮,૯૯,૩૭,૮૦૬/- થાપણ જમા થયેલ છે.

૮. **કાર્યવાહક કમિટી :** ચાલુ વર્ષ દરમિયાન કાર્યવાહક મંડળની કુલ ૧૨ બેઠક મળી. જેમાં ૪૭૮ અરજીનો નિકાલ કરવામાં આવ્યો.

૯. **નિવૃત્તિ/ડેથ બેનીફીટ યોજના :** વર્ષ દરમિયાન ૭૬ સભાસદોનાં રાજીનામાં મંજૂર થતાં જેમાંથી નિવૃત્તિ યોજનામાં જોડાયેલા ૩૧ નિવૃત્ત સભાસદોને રૂા.૩,૪૧,૦૦૦/- નો નિવૃત્તિ ફાળો ચુકવી આપેલ છે તથા એક સભાસદને ડેથ ફાળો રૂા. ૧,૫૦,૦૦૦/- ચૂકવી આપેલ છે.

૧૦. **દફતર તપાસણી :** તા.૧-૪-૨૦૧૮ થી ૩૧-૩-૨૦૧૯ સુધીનું ઓડિટ સરકારી પેનલ ઓડિટરશ્રીઓએ ઓડિટ કરેલ છે. તેમાં "અ" વર્ગ પ્રાપ્ત કરેલ છે.

૧૧. **ફરજીયાત બચત :** ફરજીયાત બચત યોજનામાં ગત વર્ષે રૂા.૭,૦૪,૬૪,૭૫૦/- જમા હતા જેમાં ચાલુ વર્ષ રૂા.૭૩,૩૯,૭૦૦/- નો ઉમેરો થતા વર્ષ આખરે રૂા.૭,૭૮,૦૪,૪૫૦/- ફરજીયાત બચત ખાતે જમા થયેલ છે.

ચાલુ વર્ષે મંડળીએ ૫૩ વર્ષ પૂર્ણ કરી ૫૪માં વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે. મંડળીના પ્રમુખ તરીકે મારી સર્વાનુમતે નિયુક્તિ કરવામાં ભૂમિકા ભજવનાર મારા રાંધેજા વિભાગના કારોબારી સભ્યશ્રી મનોજભાઈ પટેલ, કૃણાલભાઈ પટેલ, કૃણાલભાઈ ચૌધરી તથા ચેતનભાઈ પટેલનો હું આભાર વ્યક્ત કરું છું. મને મંડળીના પ્રમુખ તરીકે ઉત્કૃષ્ઠ કામગીરીમાં સાથ સહકાર આપનાર વડીલશ્રીઓ તથા સભાસદ ભાઈ-બહેનોનો ઋણી છું.

સંસ્થાના વહીવટમાં માર્ગદર્શન આપનાર ઉપપ્રમુખશ્રી દિપકભાઈ ચાનપુરા, સ્વ અશ્વિનભાઈ પટેલ, સમીરભાઈ અમીન તથા તમામ કારોબારી સભ્યશ્રીઓ સાથે મંડળીના વહીવટમાં કડીરૂપ તમામ પગાર કેન્દ્ર શાળાના આચાર્યશ્રીઓ, સરઢવ પગાર કેન્દ્રના આચાર્યશ્રી, તથા તમામ પેટા શાળાના આચાર્યશ્રીઓ, જનતાનગર પ્રાથમિક શાળાના મ.શિ. ગિરીશભાઈ પટેલ તથા તમામ શિક્ષક મિત્રો, BRC/CRC કો.ઓર્ડીનેટરશ્રીઓ, ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખશ્રી મીઠાભાઈ પટેલ તથા મંત્રીશ્રી, તથા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખશ્રી પિયુષભાઈ, મંત્રીશ્રી અરૂણભાઈ તથા મારી સોનીપુર પ્રાથમિક શાળાના આચાર્યશ્રી મીનાબેન એસ.ભોપે તથા સમગ્ર શાળા પરિવારનો હું અંતઃકરણ પૂર્વક આભાર વ્યક્ત કરું છું.

સંસ્થાના વહીવટમાં જાગૃત, ઉત્સાહી અને નિષ્ઠાવાન મંત્રીશ્રી ચેતનભાઈ પટેલ તથા મંડળીના દૈનિક વહીવટમાં સદા નિયમિત પ્રામાણિક, કાર્યકુશળ એવા કાર્યાલય મંત્રીશ્રી મન્વેશભાઈ પટેલ અને આકાશભાઈ સોની તથા મંડળીના સેવક જીગરભાઈ રાવળનો હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

મંડળીને નિયમિત પ્રતિમાસ કરજ હપ્તાના ચેક આપવા બદલ માનનીય જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તથા શિક્ષણ શાખાના સર્વે સ્ટાફ મિત્રોનો હું આભાર વ્યક્ત કરું છું.

ધી. અમદાવાદ ડી.કો.ઓ. બેંક. લી. સેક્ટર-૧૬, પાટનગર શાખાના મેનેજરશ્રી, બેંક ઈન્સ્પેક્ટરશ્રી તથા સર્વે બેંક સ્ટાફનો હું આભાર વ્યક્ત કરું છું.

માનનીય જિલ્લા રજિસ્ટ્રાર સાહેબશ્રી શ્વેતાબેન પટેલએ મંડળી પ્રત્યે દર્શાવેલ સહાનુભૂતિ અને સહકાર બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

સાથે મળીને સર્વોત્તમ કામ થઈ શકે તેવા ઉમદા હેતુ સાથે અમોએ શરૂ કરેલ મંડળીના વહીવટ અને પ્રગતિમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મને સાથ-સહકાર અને માર્ગદર્શન આપનાર નામી-અનામી સૌ કોઈનો આ તબક્કે આભાર વ્યક્ત કરું છું.

અંતમાં આપણી મંડળીનો મૂર્તિમંત્ર "સેવા સહકાર સદ્ભાવના...." સાથે પરસ્પર વિશ્વાસનો કોલ દઈ મને આપ સૌએ સેવા કરવાની તક આપી તે બદલ આપ સૌનો આભાર માની હું વિરમું છું.

**"જય જય ગરવી ગુજરાત"**

**પંકજકુમાર કાન્તિભાઈ ગજ્જર**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

## મંત્રીશ્રીનું નિવેદન



ચેતનકુમાર ગણેશભાઈ પટેલ
મંત્રીશ્રી
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**સ્નેહી સભાસદ ભાઈઓ-બહેનો**

સૌને સ્નેહભર્યા નમસ્કાર

આપ સૌના સહિયારા અવિરત પુરૂષાર્થ અને સહકારથી આપની મંડળી સફળતાનાં નવા સોપાન સિધ્ધ કરી રહી છે. આ સફળતાની અનુભૂતિ આપણે સૌ માણી રહ્યા છીએ. સુખદ અનુભૂતિ સાથે ૫૩ વર્ષ પૂર્ણ કરી ૫૪માં મંગલવર્ષમાં પ્રવેશ કરેલ છે, તેવા સમયે આપ સૌ સમક્ષ ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષક શરાફી મંડળીની ૫૩મી વાર્ષિક સાધારણ સભામાં સને : ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ રજૂ કરતાં હું ખુશી અને આનંદની લાગણી અનુભવી રહ્યો છું.

પ્રમુખશ્રીના નિવેદનમાં આપણી મંડળીનો પ્રગતિ અહેવાલ રજૂ કરેલ છે, ચાલુ વર્ષે મંડળીના મંત્રી તરીકેની મારી નિયુક્તિ કરી તે બદલ હું વ્યવસ્થાપક કમીટી તથા આપ સૌ સભાસદોનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

સને ૨૦૧૯-૨૦ ના વર્ષનો અહેવાલ આપની સમક્ષ રજૂ કરેલ છે. અહેવાલના અભ્યાસ દ્વારા જણાશે કે મંડળીના વહીવટમાં ચોક્કસ દિશા આપીને મંડળીની પ્રગતિમાં હરણફાળ ભરી વિકાસના પંથે આગેકૂચ કરેલ છે. જે આપ સૌને અહેવાલના અભ્યાસ દ્વારા ખાતરી થશે. મંડળીની થાપણો રૂા. ૨૮,૯૯,૩૭,૮૦૬/- થઈ છે તે આપ સૌની શ્રધ્ધા અને વિશ્વાસના દર્શન કરાવે છે.

ફરજીયાત બચત વ્યાજ, કરજ વ્યાજ વળતર, નિવૃત્તિ ફાળો, ડેથ બેનીફીટ યોજના ફાળો અને સભાસદ વિદ્યાર્થી પ્રોત્સાહક યોજના વગેરે ફંડોની જોગવાઈ કર્યા બાદ ચોખ્ખો નફો રૂા. ૫૪,૭૮,૧૦૯/- નોંધાયેલ છે. ચાલુ વર્ષે વ્યવસ્થાપક કમિટિએ ફરજીયાત બચત પર ૯.૦૦% વ્યાજ, કરજ વ્યાજ વળતર પર ૨.૦૦% તેમજ શેર ડિવિડન્ડ ૮.૦૦% ની ભલામણ કરેલ હોઈ દરેક સભાસદને સંતોષ આપવાનો પ્રયત્ન કરેલ છે.

મને મંત્રીપદની પ્રેરણા આપનાર મંડળીના કારોબારી સભ્ય હસમુખભાઈ પ્રજાપતિ, તેમજ મને સાથ સહકાર આપનાર હર્ષદભાઈ પટેલ, પિયુષભાઈ પટેલ, સમીરભાઈ અમીન, પરેશભાઈ સુતરિયા, સ્વ. અશ્વિનભાઈ પટેલ તેમજ મને સંપૂર્ણ સહકાર આપનાર મંડળીના તમામ કારોબારી સભ્યશ્રીઓ મારી શાળાના શિક્ષકશ્રી તુલસીભાઈ મકવાણા તથા સમગ્ર સ્ટાફનો હું ઋણી છું. નવા કોબા કલસ્ટરના સી.આર.સી.કો. ઓર્ડીનેટર મેરાજભાઈ રબારી તથા નવાકોબા પગાર કેન્દ્રના આચાર્યશ્રી હસમુખભાઈ પ્રજાપતિ તથા નવાકોબા પગાર કેન્દ્રની પેટા શાળાના આચાર્યશ્રીઓ તથા શિક્ષકમિત્રો, અડાલજ વિભાગના તમામ સભાસદશ્રીઓ, શિક્ષક મિત્રો તથા મારા તાલુકાના દરેક સભાસદોનો હું ખૂબ જ અંતઃકરણપૂર્વક આભારી છું તથા મારા અડાલજ વિભાગના તમામ કારોબારી સભ્યોનો હું હૃદયથી આભાર વ્યક્ત કરું છું.

મંડળીના વહીવટ કાર્યમાં સતત પ્રેમ, હૂંફ અને માર્ગદર્શન આપનાર મંડળીના પ્રમુખશ્રી પંકજભાઈ ગજ્જર, ઉપપ્રમુખશ્રી દિપકભાઈ ચાનપુરા તથા મંડળીની પ્રગતિ અને વિકાસનો ધ્યેય રાખનાર કર્તવ્યનિષ્ઠ કારોબારી સભ્યશ્રીઓનું હકારાત્મક માર્ગદર્શન મને ખૂબ જ ઉપયોગી નિવડ્યું છે. આપણી મંડળીને વફાદાર, નિષ્ઠાવાન તથા પ્રામાણિક યુવાન મન્વેશભાઈ પટેલ તથા આકાશભાઈ સોનીનો હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છં. તથા સમગ્ર વર્ષ દરમ્યાન બંને કાર્યાલય મંત્રીના ઉત્સાહભર્યા સાથ સહકારથી મારી મંત્રી તરીકેની જવાબદારી હું સારી રીતે નિભાવી શક્યો છું. તથા મંડળીમાં આવનાર તમામ સભાસદોને સ્વાગતમાં પાણી આપી સેવા આપનાર સેવક જીગરભાઈ રાવળનો હું આભાર વ્યક્ત કરું છું.

મંડળીને નિયમિત દર મહીને કપાતનો ચેક આપવા બદલ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તથા શિક્ષણ શાખાના તમામ સ્ટાફ પરિવારનો હું આભાર વ્યક્ત કરું છું.

મંડળીના નાણાંકીય લેવડ-દેવડમાં માર્ગદર્શકશ્રી અમદાવાદ ડિસ્ટ્રીકટ કો.બેંક, સેકટર-૧૬, ગાંધીનગર શાખાના મેનેજરશ્રી, બેંક ઈન્સ્પેકટરશ્રી તથા બેંકના તમામ કર્મચારીગણનો હું આભાર વ્યક્ત કરું છું.

માનનીય જિલ્લા રજિસ્ટાર સાહેબ ગાંધીનગર, તથા સમગ્ર રજિસ્ટ્રાર કચેરીનો સ્ટાફ, તથા જિલ્લા સહકારી સંઘના પ્રમુખશ્રીનો પણ સાથ સહકાર આપવા બદલ આભાર વ્યક્ત કરું છું.

અંતમાં મારા વહીવટકાળ દરમિયાન પૂરી નિષ્ઠાથી મંડળીના વિકાસ અને સભાસદોના હિતને ધ્યાનમાં રાખીને વહીવટને ગતિશીલ અને પારદર્શક બનાવવાનો નમ્ર પ્રયાસ કરેલ છે. આપણી મંડળી હજુ પણ વધુ વિકાસોન્મુખ શિખરો સર કરે અને સભાસદ ભાઈ-બહેનોની કામધેનુ બની રહે એ જ અભ્યર્થના સાથે વિરમું છું.

**ચેતનકુમાર ગણેશભાઈ પટેલ**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

## સને ૨૦૧૯-૨૦૨૦ ના વર્ષના નફાની વહેંચણીનું ભલામણ પત્રક

| વિગત | જમા રૂપિયા | વિગત | ઉધાર રૂપિયા |
|---|---|---|---|
| ચોખ્ખો નફો | ૫૪,૭૮,૧૦૯/- | રીઝર્વ ફંડ ૨૫% | ૧૩,૬૯,૫૨૭/- |
| | | શેર ડિવિડન્ડ ૮.૦૦% | ૩૭,૧૮,૦૪૩/- |
| | | શિક્ષણ ફાળો ૧.૫૦% | ૮૨,૧૭૨/- |
| | | સહકાર પ્રચાર | ૨,૦૦૦/- |
| | | ધર્માદા ફંડ | ૨૧,૦૦૦/- |
| | | ઘસારા ફંડ | ૪૩,૦૦૦/- |
| | | મકાન ફંડ | ૩૧,૦૦૦/- |
| | | શકમંદ લેણા ફંડ | ૨,૧૧,૦૦૦/- |
| | | ડી.વી.ઈક્વી ફંડ | ૩૬૭/- |
| કુલ :- | ૫૪,૭૮,૧૦૯/- | કુલ.... | ૫૪,૭૮,૧૦૯/- |

## વહીવટી ખર્ચ

| વિગત | રૂપિયામાં |
|---|---|
| શ્રી પગાર ખાતે | ૫,૨૪,૮૦૦/- |
| શ્રી વસુલાત ખર્ચ ખાતે | ૫૬,૧૦૦/- |
| શ્રી ભાડા ભથ્થા ખાતે | ૨૫,૧૫૦/- |
| શ્રી સરભરા ખર્ચ ખાતે | ૨૭,૪૫૦/- |
| શ્રી સ્ટેશનરી ખર્ચ ખાતે | ૪૨,૭૮૩/- |
| શ્રી પરચુરણ ખર્ચ ખાતે | ૧૫,૯૧૦/- |
| શ્રી પેટ્રોલ ખર્ચ ખાતે | ૬,૦૦૦/- |
| કુલ.... | ૬,૯૮,૧૯૩/- |

## પ્રવર્તમાન વ્યાજના દર

| | | |
|---|---|---|
| થાપણ | ૭.૦૦ % વાર્ષિક | ● મહત્તમ મર્યાદા ૨૫ લાખ સુધી |
| કરજ લોન | ૮.૪૦ % વાર્ષિક | ● ફુલ પગાર ૧૪,૦૦,૦૦૦/- સુધી<br>● ફિક્સ પગાર (વિદ્યાસહાયક) ૫,૦૦,૦૦૦/- સુધી<br>● નિવૃત્તિમાં ઓછા વર્ષ બાકી હોય તેમને રૂા. ૨૫,૦૦૦/- પ્રતિ માસ લેખે મળવાપાત્ર રહેશે. |

## તા. ૦૧-૦૪-૨૦૧૯ થી તા. ૩૧-૦૩-૨૦૨૦ સુધીની જનરલ તારીજ

| જમા રૂપિયા | ખાતાનું નામ | ઉધાર રૂપિયા |
|---|---|---|
| ૪૧,૬૬,૩૯,૯૨૧ | શ્રી અમ.ડી.બેન્ક સી.સી. ખાતે | ૪૧,૮૩,૬૪,૮૫૭ |
| ૩૦,૩૩,૦૯,૪૦૦ | શ્રી કરજ ખાતે | ૩૧,૭૪,૨૪,૫૦૦ |
| ૨૬,૧૯,૫૬,૪૩૨ | શ્રી થાપણ ખાતે | ૨૧,૮૬,૬૬,૪૧૯ |
| ૦ | શ્રી થાપણ વ્યાજ ખાતે | ૧,૪૧,૮૯,૦૨૪ |
| ૩,૫૫,૫૩,૭૭૯ | શ્રી કરજ વ્યાજ ખાતે | ૧,૭૨,૯૭,૨૬૪ |
| ૪૫,૪૩,૪૬૦ | શ્રી શેર ભંડોળ ખાતે | ૨૭,૭૬,૮૮૦ |
| ૯૬,૩૦૦ | શ્રી સ્ટેમ્પ ખાતે | ૧,૩૮,૩૦૦ |
| ૦ | શ્રી ભાડા ભથ્થા ખાતે | ૨૫,૧૫૦ |
| ૧,૩૯,૬૨,૩૦૦ | શ્રી ફરજીયાત બચત ખાતે | ૬૬,૨૨,૬૦૦ |
| ૭૦,૦૨,૪૦૧ | શ્રી ફરજીયાત બચત વ્યાજ ખાતે | ૬૩,૪૧,૮૨૮ |
| ૩,૬૦૦ | શ્રી સભાસદ ફી ખાતે | ૩,૬૦૦ |
| ૩,૬૦૦ | શ્રી ડેથ સભાસદ ફી ખાતે | ૩,૬૦૦ |
| ૦ | શ્રી કર્મચારી વેતન ખાતે | ૫,૨૪,૮૦૦ |
| ૦ | શ્રી પેટ્રોલ એલાઉન્સ ખાતે | ૬,૦૦૦ |
| ૦ | શ્રી વસુલાત ખર્ચ ખાતે | ૫૬,૧૦૦ |
| ૨૦૦ | શ્રી પરચુરણ ખર્ચ ખાતે | ૧૫,૯૧૦ |
| ૦ | શ્રી સરભરા ખર્ચ ખાતે | ૨૭,૪૫૦ |
| ૦ | શ્રી સ્ટેશનરી ખર્ચ ખાતે | ૪૨,૭૮૩ |
| ૦ | શ્રી પોસ્ટેજ ખર્ચ ખાતે | ૩૦ |
| ૦ | શ્રી લવાજમ ખર્ચ ખાતે | ૨,૩૮૦ |
| ૧૮,૨૦૦ | શ્રી જનરલ સભાખર્ચ ખાતે | ૩,૦૪,૬૦૪ |
| ૦ | શ્રી વીમા પેકેજ પોલીસ ખાતે | ૧૦,૩૪૮ |
| ૦ | શ્રી ટેલીફોન બીલ ખાતે | ૪,૫૫૭ |
| ૦ | શ્રી વીજળી બીલ ખાતે | ૧૩,૦૨૦ |
| ૨,૫૦૦ | શ્રી સહકાર પ્રચાર ફંડ ખાતે | ૦ |
| ૦ | શ્રી અમદાવાદ ડિ.બેંક સી.સી. વ્યાજ ખાતે | ૨૬,૪૪૩ |
| ૭,૪૦૯ | શ્રી શેર ડુપ્લીકેટ ફી ખાતે | ૦ |
| ૦ | શ્રી અમ.ડી. બેંક નોમીનલ સભાસદ ફી ખાતે | ૪૨૫ |
| ૧૫,૦૦૦ | શ્રી મકાન ફંડ (બિલ્ડીંગ ફંડ) ખાતે | ૦ |
| ૦ | શ્રી મિલ્કત / પાણી વેરા ખાતે | ૩,૦૬૭ |
| ૩૮,૬૦,૦૦૦ | શ્રી ડેથ બેનીફીટ યોજના ખાતે | ૧૩,૧૦,૦૦૦ |
| ૬,૧૦,૦૦,૦૦૦ | શ્રી અમ.ડી. બેંક થાપણ ખાતે | ૧૦,૯૦,૦૦,૦૦૦ |
| ૧૮,૯૯,૬૮૧ | શ્રી અમ. ડી. બેંક થાપણ વ્યાજ ખાતે | ૦ |

પાછળ ચાલુ...

# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.

## તા. ૦૧-૦૪-૨૦૧૯ થી તા. ૩૧-૦૩-૨૦૨૦ સુધીની જનરલ તારીજ

| જમા રૂપિયા | ખાતાનું નામ | ઉધાર રૂપિયા |
|---|---|---|
| ૧૬૫ | શ્રી ડીવી. ઈક્વી. ફંડ ખાતે | ૦ |
| ૬,૨૦,૦૦૦ | શ્રી નિવૃતિ ફાળા યોજના ખાતે | ૩,૪૧,૦૦૦ |
| ૧,૪૨,૫૦૦ | શ્રી અમ. ડી. બેંક, બોન્ડ વ્યાજ ખાતે | ૦ |
| ૩,૦૦,૦૦૦ | શ્રી અમ. ડી. બેંક શેર ડિવિડન્ડ ખાતે | ૦ |
| ૦ | શ્રી અમ.ડી.બેંક એસ.એમ.એસ. ચાર્જ ખાતે | ૧૪૪ |
| ૪૧,૦૦૦ | શ્રી ઘસારા ફંડ ખાતે | ૦ |
| ૩૫,૭૬,૭૧૭ | શ્રી સભાસદ શિક્ષક શેર ડિવીડન્ડ ખાતે | ૩૫,૭૬,૬૯૧ |
| ૦ | શ્રી ડેડસ્ટોક ખાતે | ૨,૫૦૦ |
| ૧૧,૦૦૦ | શ્રી ધર્માદા ફંડ ખાતે | ૧,૦૦૦ |
| ૦ | શ્રી નફા તોટા ખાતે | ૫૧,૧૦,૭૨૪ |
| ૧૨,૮૪,૮૮૧ | શ્રી રીઝર્વ ફંડ ખાતે | ૦ |
| ૭૬,૬૬૧ | શ્રી શિક્ષણ ફાળા ખાતે | ૭૬,૬૬૧ |
| ૧,૧૦,૦૦૦ | શ્રી શકમંદ લેણા ફંડ ખાતે | ૦ |
| ૪૫,૧૦૦ | શ્રી કર્મચારી બોનસ ખાતે | ૪૧,૦૦૦ |
| ૦ | શ્રી અમ.ડી. બેંક ચેકબુક ખાતે | ૧,૪૪૦ |
| ૦ | શ્રી અમ.ડી. બેંક ફોલીઓ ચાર્જ ખાતે | ૧,૮૮૮ |
| ૪૦,૦૦૦ | શ્રી વિ.પ્રો. ખાતે | ૨૮,૬૫૦ |
| ૧૧,૦૦૦ | શ્રી ચૂંટણી ખર્ચ ખાતે | ૬,૪૯૫ |
| ૫૮,૦૦,૦૦૦ | શ્રી થાપણ ઓટો રીન્યુ વ્યાજ ફંડ ખાતે | ૦ |
| ૭૧૧૦૭૬ | શ્રી કરજ વ્યાજ વળતર ખાતે | ૪,૫૩,૫૭૬ |
| ૦ | શ્રી કોમ્પ્યુટર તથા અન્ય ખર્ચ ખાતે | ૩૪,૦૬૪ |
| ૦ | શ્રી ઓડિટ ફી ખાતે | ૩,૦૦૦ |
| ૨,૦૦,૯૬,૩૬૭ | શ્રી અમ.ડી. બેંક સેંવિગ્સ ખાતા ખાતે | ૧,૯૯,૮૨,૮૬૮ |
| ૧,૪૦,૩૬૮ | શ્રી અમ. ડી. બેંક સેવિગ્સ વ્યાજ ખાતે | ૦ |
| ૩૬૦૦ | શ્રી ચેક રીટર્ન ચાર્જ ખાતે | ૨,૨૪૨ |
| ૦ | શ્રી સભાસદ અન્ય લેવડ દેવડ ખાતુ | ૦ |
| ૩૦૦૨૮ | શ્રી ઉઘડતી સિલક | ૦ |
| ૦ | શ્રી બંધ સિલક | ૪૮,૭૬૪ |
| **૧,૧૪,૨૯,૧૪,૬૪૬** | **કુલ રૂા.** | **૧,૧૪,૨૯,૧૪,૬૪૬** |

**પંકજકુમાર કાન્તિભાઈ ગજ્જર**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.

**ચેતનકુમાર ગણેશભાઈ પટેલ**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.

## તા. ૦૧-૦૪-૨૦૧૯ થી તા. ૩૧-૦૩-૨૦૨૦ સુધીની નફા-નુકશાનનું પત્રક

| ઉપજ | રૂપિયા | ખર્ચ | રૂપિયા |
|---|---|---|---|
| શ્રી કરજ વ્યાજ ખાતે | ૩,૫૫,૫૩,૭૭૯ | શ્રી કર્મચારી વેતન ખાતે | ૫,૨૪,૮૦૦ |
| શ્રી શેર ડુપ્લીકેટ ફી ખાતે | ૭,૪૦૯ | શ્રી વસુલાત ખર્ચ ખાતે | ૫૬,૧૦૦ |
| શ્રી અમ.ડી. બેંક બોન્ડ વ્યાજ ખાતે | ૧,૪૨,૫૦૦ | શ્રી ભાડા ભથ્થા ખાતે | ૨૫,૧૫૦ |
| શ્રી જનરલ સભા ડીપોઝીટ ખાતે | ૧૮,૨૦૦ | શ્રી પરચુરણ ખર્ચ ખાતે | ૧૫,૯૧૦ |
| શ્રી અમ.ડી. બેંક શેર ડીવી. ખાતે | ૩,૦૦,૦૦૦ | શ્રી સ્ટેશનરી ખર્ચ ખાતે | ૪૨,૭૮૩ |
| શ્રી પરચુરણ ખાતે | ૨૦૦ | શ્રી ટેલીફોન બીલ ખાતે | ૪,૫૫૭ |
| શ્રી અમ.ડી.બેંક થાપણ વ્યાજ ખાતે | ૧૮,૯૯,૬૮૧ | શ્રી વીજળી બીલ ખાતે | ૧૩,૦૨૦ |
| શ્રી અમ.ડી.બેંક સેવિંગ્સ વ્યાજ ખાતે | ૧,૪૦,૩૬૮ | શ્રી થાપણ વ્યાજ ખાતે | ૧,૪૧,૮૯,૦૨૪ |
| શ્રી ચેક રીટર્ન ચાર્જ ખાતે | ૩,૬૦૦ | શ્રી કરજ વ્યાજ ખાતે | ૧,૭૨,૯૭,૨૬૪ |
| શ્રી ચૂંટણી ખર્ચ ખાતે | ૧૧,૦૦૦ | શ્રી સરભરા ખર્ચ ખાતે | ૨૭,૪૫૦ |
| | | શ્રી પેટ્રોલ એલાઉન્સ ખાતે | ૬,૦૦૦ |
| | | શ્રી જનરલ સભા ખર્ચ ખાતે | ૩,૦૪,૬૦૪ |
| | | શ્રી ચેકબુક ખાતે | ૧,૪૪૦ |
| | | શ્રી ADC SMS ચાર્જ ખાતે | ૧૪૪ |
| | | શ્રી ADC Folio ચાર્જ ખાતે | ૧,૮૮૮ |
| | | શ્રી કેશ ક્રેડીટ વ્યાજ ખાતે | ૨૬,૪૪૩ |
| | | શ્રી વીમા પોલીસી પેકેજ ખાતે | ૧૦,૩૪૮ |
| | | શ્રી ઓડીટ ફી ખાતે | ૩,૦૦૦ |
| | | શ્રી મ.ન.પા. તથા અન્ય વેરા ખાતે | ૩,૦૬૭ |
| | | શ્રી પોસ્ટેજ ખર્ચ ખાતે | ૩૦ |
| | | શ્રી લવાજમ ખાતે | ૨,૩૮૦ |
| | | શ્રી કોમ્પ્યુટર ખર્ચ / અન્ય ખર્ચ ખાતે | ૩૪,૦૬૪ |
| | | શ્રી ચેક રીટર્ન ચાર્જ ખાતે | ૨,૨૪૨ |
| | | શ્રી અમ.ડી. બેંક નોમિનલ ફી | ૪૨૫ |
| | | શ્રી ચૂંટણી ખર્ચ ખાતે | ૬,૪૯૫ |
| કુલ | ૩,૮૦,૭૬,૭૩૭ | કુલ | ૩,૨૫,૯૮,૬૨૮ |
| ખોટ | ૦ | નફો | ૫૪,૭૮,૧૦૯ |
| એકંદરે કુલ. | ૩,૮૦,૭૬,૭૩૭ | એકંદરે કુલ... | ૩,૮૦,૭૬,૭૩૭ |

**પંકજકુમાર કાન્તિભાઈ ગજ્જર**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**ચેતનકુમાર ગણેશભાઈ પટેલ**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

## • તા. ૩૧-૦૩-૨૦૨૦ ના રોજનું સરવૈયું •

| દેવું-મિલકત | રૂપિયા | પુંજી લેણું | રૂપિયા |
|---|---|---|---|
| | ૦ | શ્રી અમ.ડી.બેંક - સી.સી. ખાતે | ૯૦,૯૦,૯૯૦ |
| શ્રી થાપણ ખાતે | ૨૮,૯૯,૩૭,૮૦૬ | શ્રી કરજ ખાતે | ૪૦,૦૬,૧૭,૨૦૦ |
| શ્રી શેર ફાળા ખાતે | ૪,૬૪,૭૫,૫૪૦ | શ્રી ડેડસ્ટોક ખાતે | ૩,૫૫,૫૨૮ |
| શ્રી ડેથ બેનીફીટ યોજના ખાતે | ૨,૮૩,૬૮,૦૦૦ | શ્રી કરજ સ્ટેમ્પ ખાતે | ૪૬,૨૦૦ |
| શ્રી ડીવી. ઈક્વી. ફંડ ખાતે | ૭૯,૦૦૩ | શ્રી ટેલિફોન ડીપોઝીટ ખાતે | ૬,૧૬૦ |
| શ્રી નિવૃત્તિ ફાળા યોજના ખાતે | ૬,૭૮,૧૨૦ | શ્રી ગા.તા.પ્રા.શિ. ગ્રાહક મંડળી ખાતે | ૪૬,૧૦૮ |
| શ્રી સભાસદ શેર ડીવીડન્ડ ખાતે | ૭,૫૬૦ | શ્રી અમ.ડી.બેંક શેર ફાળા ખાતે | ૨૦,૦૦,૦૦૦ |
| શ્રી વ્યાજ વળતર ખાતે | ૭,૪૨,૬૨૭ | શ્રી મકાન ખાતે | ૧૦,૦૩,૧૧૯ |
| શ્રી ઘસારા ફંડ ખાતે | ૧,૨૦,૫૫૧ | શ્રી ગાં.જિ.મ. બેંક બોન્ડ ખાતે (સૂચિત) | ૨,૫૦૦ |
| શ્રી ધર્માદા ફંડ ખાતે | ૨૯,૪૬૧ | શ્રી અમ.ડી.બેંક સેવિંગ્સ ખાતા ખાતે | ૭,૦૮,૬૨૬ |
| શ્રી વિ.પ્રો.ફંડ ખાતે | ૧,૩૭,૯૮૪ | શ્રી અમ. ડી. બેંક થાપણ ખાતે | ૬,૪૦,૦૦,૦૦૦ |
| શ્રી મકાન (બિલ્ડીંગ) ફંડ ખાતે | ૨,૨૨,૫૨૪ | શ્રી અમ.ડી. બેંક બોન્ડ ખાતે | ૧૫,૦૦,૦૦૦ |
| શ્રી રીઝર્વ ફંડ ખાતે | ૧,૫૫,૮૧,૫૬૬ | | |
| શ્રી વિદ્યાલક્ષ્મી બોન્ડ ખાતે | ૩૩,૯૦૦ | | |
| શ્રી સહકાર પચાર ફંડ ખાતે | ૫૦,૨૧૦ | | |
| શ્રી ફરજીયાત બચત ખાતે | ૭,૭૮,૦૪,૪૫૦ | | |
| શ્રી ફરજીયાત બચત વ્યાજ ખાતે | ૭૦,૪૬,૧૮૩ | | |
| શ્રી કર્મચારી બોનસ ખાતે | ૪૫,૧૦૦ | | |
| શ્રી શકમંદ લેણા ફંડ ખાતે | ૭,૮૬,૫૦૧ | | |
| શ્રી થાપણ વ્યાજ (ઓટો રીન્યુ) ફંડ ખાતે | ૫૮,૦૦,૦૦૦ | | |
| | | શ્રી બંધ સિલક | ૪૮,૭૬૪ |
| **કુલ** | **૪૭,૩૯,૪૭,૦૮૬** | **કુલ** | **૪૭,૯૪,૨૫,૧૯૫** |
| **નફો** | **૫૪,૭૮,૧૦૯** | **ખોટ** | **૦** |
| **કુલ** | **૪૭,૯૪,૨૫,૧૯૫** | **એકંદર કુલ** | **૪૭,૯૪,૨૫,૧૯૫** |

**પંકજકુમાર કાન્તિભાઈ ગજ્જર**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**ચેતનકુમાર ગણેશભાઈ પટેલ**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

## માનદ્ ઓડીટરશ્રીઓનો શેરો

પ્રતિશ્રી,
પ્રમુખશ્રી / મંત્રીશ્રી,
ગાંધીનગર તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષક શરાફી સહકારી મંડળી લી.ના તા.૦૧/૦૪/૨૦૧૯થી ૩૧/૦૩/૨૦૨૦ સુધીના તમામ હિસાબોનું ઓડીટ કરવામાં આવેલ છે. ઓડીટમાં તમામ જમા ઉધાર વાઉચરો, થાપણો જમા- ઉધાર, થાપણ દૈનિક સ્ટેટમેન્ટ, રોજમેળ, દૈનિક જમા પાવતી સ્ટેટમેન્ટ, જનરલ ખાતાવહી, થાપણ રજીસ્ટર, ચેકબુકો, બેંક પાસબુક તથા બેંકનાં સ્ટેટમેન્ટની ચકાસણી કરવામાં આવેલ છે.

વહીવટી સૂચનાઓનું સ્પષ્ટીકરણ મંત્રીશ્રી તથા કાર્યાલય કર્મચારીશ્રીઓ સાથે કરવામાં આવી અને તેમાં જરૂરી સુધારા વધારા તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યું. મંડળીનો વહીવટ ખૂબ જ કરકસર અને કુનેહપૂર્વક કરવામાં આવેલ જણાયો.

મંડળીનો વહીવટ સ્વચ્છ, સુંદર અને પારદર્શક ચાલે છે. તેમજ પ્રમુખશ્રી, મંત્રીશ્રી, કાર્યાલય કર્મચારીશ્રીઓ અને કારોબારીના અન્ય સભ્યશ્રીઓની કામગીરી સારી જણાયેલ છે. મંડળી દિનપ્રતિદિન વિકાસોન્મુખ રીતે પ્રગતિ કરે અને તમામ સભાસદોને લાભ મળે તેવી શુભેચ્છા સહ....


**માનદ ઓડીટરશ્રીઓ :-**

| | | |
|---|---|---|
| **(૧) શ્રી અશ્વિનભાઈ ભુલાભાઈ પ્રજાપતિ** | **(૨) શ્રી પ્રિયંકાબેન સુરેશભાઈ મકવાણા** | **(૩) શ્રી હિતેશકુમાર ચંદ્રકાંતભાઈ પટેલ** |
| ડભોડા વિભાગ | અડાલજ વિભાગ | રાંધેજા વિભાગ |

તારીખ : ૨૨/૦૫/૨૦૨૦

---

## સ્મરણાંજલિ



સ્વ અશ્વિનકુમાર મથુરભાઈ પટેલ
(૧૯૭૪-૨૦૨૦)

ભલે, કેલેન્ડરમાં વર્ષ પુરું થયું હોય,
પરંતુ સ્મરણપટ પર બધું અકબંધ છે....
ભુલાતું નથી અને ભુસાતું પણ નથી,
આપનો સમર્પિત ભાવ અને સહજ સ્વભાવ
હંમેશા પુરક અને પ્રેરક બની રહેશે..
આપના પુણ્ય આત્માને શત્ શત્ નમન....

**યશગાથા :** તેઓએ મંડળીમાં ૨૦૦૮ થી ૩૧-૫-૨૦૨૦ સુધી અવિરત સેવા આપેલ છે. જેમાં તેઓ વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૮-૧૯માં મંડળીના પ્રમુખ તરીકે તેમજ ચાલુ કાર્યવાહક કમિટિમાં અનુભવી કારોબારી તરીકે સભ્ય તરીકે ખૂબ સારું યોગદાન આપેલ છે. જે અવિસ્મરણીય છે.

# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.

## • નિવૃત્તિ ફાળો ચૂકવ્યાની યાદી •

### તારીખ : ૦૧-૦૪-૨૦૧૯ થી ૩૧-૦૩-૨૦૨૦ સુધી

| અ.નં. | સભાસદ શિક્ષકનું નામ | શાળા | ઠરાવ નં./તારીખ | ચૂકવ્યા તારીખ | રૂપિયા |
|---|---|---|---|---|---|
| ૧ | નયનાબેન હરિપ્રસાદ જોષી | શેરથા-૨ | ઠ.નં. ૪-૦૭/૦૬/૨૦૧૯ | ૦૬/૦૫/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૨ | રાજેશકુમાર ગોવિંદભાઈ વાઘેલા | સરગાસણ | ઠ.નં. ૪-૦૭/૦૬/૨૦૧૯ | ૦૬/૦૬/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૩ | કોકિલાબેન કેશવલાલ પટેલ | તારાપુર | ઠ.નં. ૪-૦૭/૦૬/૨૦૧૯ | ૧૦/૦૬/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૪ | રમેશભાઈ કેશવલાલ પટેલ | શાહપુર | ઠ.નં. ૪-૦૭/૦૬/૨૦૧૯ | ૧૦/૦૬/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૫ | ગજરાબેન મોતીભાઈ રાવળ | ફતેપુરા | ઠ.નં. ૪-૦૭/૦૬/૨૦૧૯ | ૧૧/૦૬/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૬ | મીનાક્ષીબેન રઘુએલભાઈ પરમાર | પેથાપુર કુમાર-૨ | ઠ.નં. ૪-૦૭/૦૬/૨૦૧૯ | ૧૪/૦૬/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૭ | હસુમતીબેન કાંતીભાઈ પટેલ | પેથાપુર પગાર કેન્દ્ર | ઠ.નં. ૪-૦૭/૦૬/૨૦૧૯ | ૧૪/૦૬/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૮ | રાજીબેન અંબાલાલ રાઠોડ | શેરથા | ઠ.નં. ૪-૦૭/૦૬/૨૦૧૯ | ૧૭/૦૬/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૯ | વસુમતીબેન ખોડીદાસ રાઠોડ | ચિ.બા. કન્યા | ઠ.નં. ૪-૦૭/૦૬/૨૦૧૯ | ૧૭/૦૬/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૧૦ | ગીતાબેન બાલુભાઈ જાદવ | ચિ.બા. કન્યા | ઠ.નં. ૪-૦૭/૦૬/૨૦૧૯ | ૨૧/૦૬/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૧૧ | કનકબાળા મુળુભાઈ ગઢવી | પાર્શ્વનાથનગર | ઠ.નં. ૪-૦૭/૦૬/૨૦૧૯ | ૨૪/૦૬/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૧૨ | સુસ્મિતાબેન મનુભાઈ જાદવ | અમિયાપુર | ઠ.નં. ૪-૦૭/૦૬/૨૦૧૯ | ૨૪/૦૬/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૧૩ | ભગવતીબેન ભગવાનભાઈ તપોધન | અમરપુરા | ઠ.નં. ૪-૦૭/૦૬/૨૦૧૯ | ૦૨/૦૭/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૧૪ | નીતાબેન રાવજીભાઈ પટેલ | તારાપુર | ઠ.નં. ૫-૦૫/૦૭/૨૦૧૯ | ૦૬/૦૭/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૧૫ | આનંદીબેન ગાંડાલાલ પટેલ | પેથાપુર કન્યા-૧ | ઠ.નં. ૫-૨૧/૦૮/૨૦૧૯ | ૧૩/૦૮/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૧૬ | સુશીલાબેન નાથાલાલ પટેલ | ચિ.બા.કુમાર | ઠ.નં. ૫-૩૦/૧૨/૨૦૧૯ | ૦૧/૧૧/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૧૭ | હસુમતીબેન કચરાભાઈ પટેલ | લીંબડીયા | ઠ.નં. ૫-૩૦/૧૨/૨૦૧૯ | ૦૨/૧૧/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૧૮ | પુષ્પાબેન પ્રહલાદભાઈ પટેલ | વજાપુરા | ઠ.નં. ૫-૩૦/૧૨/૨૦૧૯ | ૦૨/૧૧/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૧૯ | વીણાબેન વાસુદેવ શુકલ | કોલવડા કન્યા-૧ | ઠ.નં. ૫-૩૦/૧૨/૨૦૧૯ | ૦૪/૧૧/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૨૦ | ભગવાનભાઈ કાનજીભાઈ પટેલ | કુડાસણ | ઠ.નં. ૫-૩૦/૧૨/૨૦૧૯ | ૦૪/૧૧/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૨૧ | બિન્દુબેન નરસિંહભાઈ સોલંકી | ભાટ | ઠ.નં. ૫-૩૦/૧૨/૨૦૧૯ | ૦૪/૧૧/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૨૨ | લક્ષ્મીબેન માનાભાઈ ચૌહાણ | ચામુંડાપુરા | ઠ.નં. ૫-૩૦/૧૨/૨૦૧૯ | ૦૫/૧૧/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૨૩ | અભુજી અરજનજી દેવડા | કાકાનું તારાપુર | ઠ.નં. ૫-૩૦/૧૨/૨૦૧૯ | ૦૮/૧૧/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૨૪ | કુસુમબેન બહેચરદાસ પટેલ | ગોપાલનગર | ઠ.નં. ૫-૩૦/૧૨/૨૦૧૯ | ૧૨/૧૧/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૨૫ | ઈન્દિરાબેન રવિશંકર રાવલ | ગોપાલનગર | ઠ.નં. ૫-૩૦/૧૨/૨૦૧૯ | ૧૮/૧૧/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૨૬ | પ્રભાબેન નરસિંહભાઈ સોલંકી | વલાદ પગાર કેન્દ્ર | ઠ.નં. ૫-૩૦/૧૨/૨૦૧૯ | ૧૮/૧૧/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૨૭ | કોકિલાબેન શકરાભાઈ પ્રજાપતિ | રાંધેજા કન્યા | ઠ.નં. ૫-૩૦/૧૨/૨૦૧૯ | ૧૮/૧૧/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૨૮ | લક્ષ્મીબેન અમૃતલાલ પરમાર | મોટેરા કન્યા | ઠ.નં. ૫-૩૦/૧૨/૨૦૧૯ | ૨૨/૧૧/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૨૯ | ભાવનાબેન ડાહ્યાભાઈ જોષી | રાંધેજા કન્યા | ઠ.નં. ૫-૩૦/૧૨/૨૦૧૯ | ૨૨/૧૧/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૩૦ | અરૂણાબેન કાન્તિલાલ પટેલ | નવાપુરા | ઠ.નં. ૫-૩૦/૧૨/૨૦૧૯ | ૨૫/૧૧/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| ૩૧ | અમૃતલાલ કેશવલાલ પટેલ | વડોદરા લાટ | ઠ.નં. ૫-૩૦/૧૨/૨૦૧૯ | ૨૬/૧૨/૨૦૧૯ | ૧૧,૦૦૦ |
| | | | | કુલ... | ૩,૪૧,૦૦૦ |

# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.



## • સન્માનનીય નિવૃત્ત શિક્ષકોની યાદી •



**તારીખ : ૦૧-૦૬-૨૦૧૯ થી ૩૧-૦૫-૨૦૨૦ સુધી**

| ક્રમ | શિક્ષકશ્રીનું નામ | શાળા | તારીખ | વય નિવૃત્તિ |
|---|---|---|---|---|
| ૧ | નીતાબેન રાવજીભાઈ પટેલ | તારાપુર | ૩૦-૦૬-૨૦૧૯ | સ્વૈ. નિવૃતિ |
| ૨ | આનંદીબેન ગાંડાલાલ પટેલ | પેથાપુર કન્યા-૧ | ૩૧-૦૭-૨૦૧૯ | સ્વૈ. નિવૃતિ |
| ૩ | મીનાબેન વાસુદેવભાઈ દવે | પેથાપુર કુમાર-૨ | ૩૧-૦૭-૨૦૧૯ | સ્વૈ. નિવૃતિ |
| ૪ | કુંદનબેન મુકેશકુમાર ચૌહાણ | લક્ષ્મીનગર | ૩૧-૦૮-૨૦૧૯ | સ્વૈ. નિવૃતિ |
| ૫ | સુશીલાબેન નાથાલાલ પટેલ | ચિ.બા.કુમાર | ૩૧-૧૦-૨૦૧૯ | વય નિવૃતિ |
| ૬ | હસુમતીબેન કચરાભાઈ પટેલ | લીંબડીયા | ૩૧-૧૦-૨૦૧૯ | વય નિવૃતિ |
| ૭ | પુષ્પાબેન પ્રહલાદભાઈ પરમાર | વજાપુરા | ૩૧-૧૦-૨૦૧૯ | વય નિવૃતિ |
| ૮ | વીણાબેન વાસુદેવ શુકલ | કોલવડા કન્યા-૧ | ૩૧-૧૦-૨૦૧૯ | વય નિવૃતિ |
| ૯ | ભગવાનભાઈ કાનજીભાઈ પટેલ | કુડાસણ | ૩૧-૧૦-૨૦૧૯ | વય નિવૃતિ |
| ૧૦ | બિન્દુબેન નરસિંહભાઈ સોલંકી | ભાટ | ૩૧-૧૦-૨૦૧૯ | વય નિવૃતિ |
| ૧૧ | લક્ષ્મીબેન માનાભાઈ ચૌહાણ | ચામુંડાપુરા | ૩૧-૧૦-૨૦૧૯ | વય નિવૃતિ |
| ૧૨ | અભુજી અરજનજી દેવડા | કાકાનું તારાપુર | ૩૧-૧૦-૨૦૧૯ | વય નિવૃતિ |
| ૧૩ | કુસુમબેન બહેચરદાસ પટેલ | ગોપાલનગર | ૩૧-૧૦-૨૦૧૯ | વય નિવૃતિ |
| ૧૪ | ઈન્દિરાબેન રવિશંકર રાવલ | ગોપાલનગર | ૩૧-૧૦-૨૦૧૯ | વય નિવૃતિ |
| ૧૫ | પ્રભાબેન નરસિંહભાઈ સોલંકી | વલાદ પગાર કેન્દ્ર | ૩૧-૧૦-૨૦૧૯ | વય નિવૃતિ |
| ૧૬ | કોકિલાબેન શકરાભાઈ પ્રજાપતિ | રાંધેજા કન્યા | ૩૧-૧૦-૨૦૧૯ | વય નિવૃતિ |
| ૧૭ | લક્ષ્મીબેન અમૃતલાલ પરમાર | મોટેરા કન્યા | ૩૧-૧૦-૨૦૧૯ | વય નિવૃતિ |
| ૧૮ | ભાવનાબેન ડાહ્યાલાલ જોષી | રાંધેજા કન્યા | ૩૧-૧૦-૨૦૧૯ | વય નિવૃતિ |
| ૧૯ | અરૂણાબેન કાન્તિલાલ પટેલ | નવાપુરા | ૩૧-૧૦-૨૦૧૯ | વય નિવૃતિ |
| ૨૦ | અમૃતલાલ કેશવલાલ પટેલ | વડોદરા લાટ | ૩૧-૧૦-૨૦૧૯ | વય નિવૃતિ |
| ૨૧ | ચંપાબેન દેવજીભાઈ બગડા | સાદરા | ૩૧-૧૦-૨૦૧૯ | વય નિવૃતિ |
| ૨૨ | રંજનબેન મણીલાલ પરમાર | ચાંદખેડા | ૩૧-૧૦-૨૦૧૯ | વય નિવૃતિ |
| ૨૩ | શર્મિષ્ઠાબેન ગૌરીશંકર રાવલ | ખોરજ | ૩૧-૧૦-૨૦૧૯ | વય નિવૃતિ |
| ૨૪ | નર્મદાબેન સોમાભાઈ રાઠોડ | ઝુંડાલ | ૩૧-૧૦-૨૦૧૯ | વય નિવૃતિ |
| ૨૫ | તુલસીભાઈ શનાભાઈ મકવાણા | સુઘડ | ૩૧-૦૫-૨૦૨૦ | વય નિવૃતિ |
| ૨૬ | ગીતાબેન છનાલાલ ઉપાધ્યાય | ખોરજ | ૩૧-૦૫-૨૦૨૦ | વય નિવૃતિ |
| ૨૭ | રેખાબેન બળદેવભાઈ પંડ્યા | વલાદ પગાર કેન્દ્ર | ૩૧-૦૫-૨૦૨૦ | વય નિવૃતિ |
| ૨૮ | સરોજબેન ભલાભાઈ પટેલ | ગોપાલનગર | ૩૧-૦૫-૨૦૨૦ | વય નિવૃતિ |
| ૨૯ | નયનાબેન આશાભાઈ સોલંકી | વિરાતલાવડી પ.કે. | ૩૧-૦૫-૨૦૨૦ | વય નિવૃતિ |
| ૩૦ | ધીરેન્દ્રકુમાર ડાહ્યાલાલ સુતરિયા | પુન્દ્રાસણ | ૩૧-૦૫-૨૦૨૦ | વય નિવૃતિ |
| ૩૧ | જયોત્સનાબેન લક્ષ્મણભાઈ આચાર્ય | પ્રાંતિયા | ૩૧-૦૫-૨૦૨૦ | વય નિવૃતિ |
| ૩૨ | મીનાક્ષીબેન બાબુલાલ નાયક | જનતાનગર | ૩૧-૦૫-૨૦૨૦ | વય નિવૃતિ |
| ૩૩ | ચંદુભાઈ માવજીભાઈ પટેલ | દંતાલી | ૩૧-૦૫-૨૦૨૦ | વય નિવૃતિ |
| ૩૪ | વનલીલાબેન રમણભાઈ પટેલ | ઉવારસદ કન્યા | ૩૧-૦૫-૨૦૨૦ | વય નિવૃતિ |
| ૩૫ | નુરજહા કાસમમિયા મલેક | બુટાકીયા | ૩૧-૦૫-૨૦૨૦ | વય નિવૃતિ |
| ૩૬ | હંસાબેન દશરથભાઈ પરમાર | લક્ષ્મીનગર | ૩૧-૦૫-૨૦૨૦ | વય નિવૃતિ |
| ૩૭ | વંદનાબેન જીતેન્દ્રકુમાર મહેતા | વિસતમાતા | ૩૧-૦૫-૨૦૨૦ | વય નિવૃતિ |

## ડેથ ફાળો ચુકવ્યાની યાદી : ૨૦૧૯-૨૦

| અ.નં. | સભાસદ શિક્ષકનું નામ | ફોટો | શાળા | ઠરાવ નં. | ચૂકવ્યા તારીખ | રકમ |
|---|---|---|---|---|---|---|
| ૧ | પર્સીસ નામદેવ વર્સાત<br>વારસદાર : નામદેવ કે. વર્સાત |  | સોનીપુર | ૫-૨૧/૦૮/૨૦૧૯ | ૧૯-૮-૨૦૧૯ | ૧,૫૦,૦૦૦/- |
| | | | | | કુલ ... | ૧,૫૦,૦૦૦/- |

## પ્રોત્સાહક ઈનામ મેળવવા માટે.... (તમામ અભ્યાસક્રમ માટે)

- માર્કશીટની ઝેરોક્ષ પાછળ નીચે પ્રમાણે વિગત લખવી.
  સભાસદની વિગત લખવી. (નામ, શાળા, મોબાઈલ નંબર તથા તારીખ)
  સંતાનની વિગત લખવી. (નામ, અભ્યાસ, ટકા)
- ચાલુ વર્ષે જુલાઈ-૨૦૧૯ થી જુલાઈ - ૨૦૨૦ સુધીની માર્કશીટ આપવી.
- જુલાઈ-૨૦૨૦ પછી માર્કશીટની નકલ સ્વીકારવામાં આવશે નહીં.
- ધોરણ-૧૦ અને ૧૨ માં પર્સેન્ટાઈલ ગણવામાં આવશે નહીં.
- દરેક શાખામાં ત્રણ નંબર આપવામાં આવશે. (ધોરણ-૧૦/૧૨ સા.પ્ર./૧૨ વિ.પ્ર./ડિગ્રી એન્જિનીયરીંગ
- મેડીકલની ડિગ્રી કલીયર કરેલ તમામ વિદ્યાર્થીઓ
  (દા.ત. બી.એ.એમ.એસ., એમ.બી.બી.એસ., એમ.ડી., નર્સિંગ વગેરે)
- SSC/HSC (સામાન્ય પ્રવાહ) ૭૦% થી વધુ તથા HSC (વિજ્ઞાન પ્રવાહ) ૬૦% થી વધુ હોવા જરૂરી છે.
- જુલાઈ-૨૦૨૦ પછીની માર્કશીટ આવતા વર્ષે આપવી.
- પ્રોત્સાહક ઈનામની રકમ જે તે સભાસદની શાળાએ મોકલી આપવામાં આવશે.

**નોંધ : કોરોના મહામારીના લીધે આ વર્ષે તમામ શાખાની માર્કશીટ જુલાઈ - ૨૦૨૦ સુધી સ્વીકારવામાં આવશે.**

## સભાસદ સંતાન "વિશેષ પ્રોત્સાહન યોજના"

મંડળીના તમામ સભાસદોને જણાવવાનું કે, તા. ૧-૬-૨૦૧૯ થી તા. ૩૧-૫-૨૦૨૦ સુધીમાં સભાસદના સંતાનો કે જેઓ કેન્દ્ર / રાજ્ય સરકાર, સરકાર હસ્તકના બોર્ડ/નિગમ અને રાષ્ટ્રીયકૃત બેંકોમાં કાયમી નિમણૂક પામેલ હોય એવા સંતાનોનું સન્માન કરવામાં આવશે.

મંડળી ખાતે આ પ્રમાણેની નકલ આપવાની રહેશે. નિમણૂક ઓર્ડર, હાજર રીપોર્ટ, નિમણૂક ઓર્ડરની પાછળ આટલી માહિતી લખી આપવી. સંતાન તથા સભાસદનું નામ, જે તે કચેરીનું નામ, હોદ્દો તથા વર્ગ : ૧/૨/૩/૪

# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.

## • ખાસ સૂચના •

### કરજ

- કરજ લોન લેતી વખતે અરજદારે ૧ નંગ સેલેરી એકાઉન્ટનો મંડળીના નામનો સિક્યોરીટી ચેક આપવાનો રહેશે. (સેલેરી એકાઉન્ટનો CTS ચેક)
- ૨ નંગ રેવન્યુ ટીકીટ સાથે લાવવાની રહેશે.
- **એકવાર કરજ લોન લીધા પછી બીજી વખત કરજ લોન ૧૦ હપ્તા ભર્યા પછી જ મળશે. (રજીસ્ટારશ્રીના નિયમોનુસાર)**
- ૧૦% શેર ફાળો ફરજીયાત કાપવામાં આવશે.
- કરજ લેનાર સભાસદે પોતાના પગાર કેન્દ્રના સભાસદોને જ જામીનદાર રાખવા હિતાવહ છે.
- **મળવાપાત્ર કરજ લોન**

| | | |
|---|---|---|
| ૧ | વિદ્યાસહાયક | ૫,૦૦,૦૦૦/- |
| ૨ | વિદ્યાસહાયક સિવાયના તમામ | ૧૪,૦૦,૦૦૦/- |

- નિવૃત્તિનો સમયગાળો ઓછો બાકી હોય તેવા સભાસદને પ્રતિ માસ રૂા. ૨૫,૦૦૦/- લેખે અથવા રૂા. ૧૪,૦૦,૦૦૦/- બન્નેમાંથી જે ઓછું હશે તે મળવાપાત્ર રહેશે.

### થાપણ

- થાપણ રસીદ રીન્યુ કરાવા આવો ત્યારે રેવન્યુ ટીકીટ લગાવી જે તે ખાતાધારકની સહી કરાવીને જ આવવું.
- પાકતી તારીખે અથવા અધવચ્ચે રસીદ વટાવતી વખતે જે ખાતાધારકના નામનો મંડળી તરફથી A/c Pay ચેક જ આપવામાં આવશે.
- **તા.૦૧-૦૧-૨૦૧૯ પછી બનેલ તમામ થાપણ રસીદ પર ઓટો રીન્યુ સિસ્ટમ લાગુ પડેલ છે.**

### ચેક

- મંડળીમાં કરજ લોનમાં જમા કરતી વખતે અથવા નવી થાપણ રસીદ બનાવતી વખતે ફરજીયાત ચેક જ આપવાનો રહેશે.
- CTS 2010 લખેલ ચેક જ સ્વીકારવામાં આવશે. જો આપનો ચેક CTS 2010 ના હોય તો જે તે બેંકમાંથી નવી ચેકબુક મેળવી લેવી.
- મંડળીમાં આપવાનો ચેક A/c Pay કરી નીચે મુજબ લખવાનો રહેશે.
  "ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિ.શ.સ.મં.લી."
- કોઈપણ સંજોગોમાં ચેક રીટર્ન થાય તો મંડળી પોતાના નિયમ મુજબ ચેક રીટર્ન ચાર્જ જે તે સભાસદ પાસેથી વસુલ કરવામાં આવશે. (હાલનો ચાર્જ ૨૦૦/-)

### કાર્યાલય સમય

- સોમવારથી શનિવાર : ૯:૩૦ થી ૩:૦૦ સુધી
- ૩:૦૦ વાગ્યા પછી નાણાકીય લેવડ-દેવડ અંગેનું કોઈપણ કામ કરવામાં આવશે નહિ.
- કાર્યાલય બીજા તથા ચોથા શનિવારે, દર રવિવાર, બેંકીગ રજા તથા બંધનું એલાન બેંક હડતાલ હોય, જાહેરનામા અનુસંધાને બંધ હોય ત્યારે બંધ રહેશે.

### જનરલ સભા

- મંડળીને લગતા આપના સૂચનો જનરલ સભા સાત દિવસ પહેલામાં લેખિતમાં મોકલી આપશો. નિયત સમય પછી આવેલ સૂચનો ધ્યાનમાં લેવાશે નહિ.

**ખાસ નોંધ : જનરલ સભામાં હાજર રહેનારને જ ભાડું ચૂકવવામાં આવશે.**

ઉપરોક્ત સૂચનો / નિયમો પરિસ્થિતિને અનુસંધાન કારોબારી ફેરફાર કરી શકે છે.

## શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી., ગાંધીનગર.

### ● પંચવર્ષીય પ્રગતિના આંકડા ●

| ક્રમ | વિગત | ૩૧-૦૩-૨૦૧૬ | ૩૧-૦૩-૨૦૧૭ | ૩૧-૦૩-૨૦૧૮ | ૩૧-૦૩-૨૦૧૯ | ૩૧-૦૩-૨૦૨૦ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ઓડીટ વર્ગ | અ | અ | અ | અ | ઓડિટ બાકી |
| ૨ | સભાસદ સંખ્યા | ૧,૧૯૦ | ૧,૨૧૫ | ૧,૨૦૪ | ૧,૧૯૦ | ૧,૧૫૦ |
| ૩ | શેરભંડોળ | ૩,૧૦,૦૦,૧૨૦ | ૩,૬૫,૩૪,૩૧૦ | ૪,૦૩,૩૧,૬૦૦ | ૪,૪૭,૦૮,૯૬૦ | ૪,૬૪,૭૫,૫૪૦ |
| ૪ | કરજધીરાણ(વર્ષદરમ્યાન) | ૨૫,૧૩,૮૦,૦૦૦ | ૨૯,૩૭,૯૫,૧૦૦ | ૨૯,૮૫,૩૫,૦૦૦ | ૩૬,૯૭,૪૭,૦૦૦ | ૩૧,૭૪,૨૪,૫૦૦ |
| ૫ | કરજવસુલ(વર્ષદરમ્યાન) | ૨૩,૬૦,૨૦,૪૦૦ | ૨૮,૨૨,૮૯,૮૦૦ | ૨૬,૦૦,૯૦,૪૦૦ | ૩૦,૭૫,૭૦,૫૦૦ | ૩૦,૩૩,૦૯,૪૦૦ |
| ૬ | કરજબાકી(૩૧માર્ચના રોજ) | ૨૭,૪૩,૭૫,૭૦૦ | ૨૮,૫૮,૮૧,૦૦૦ | ૩૨,૪૩,૨૫,૬૦૦ | ૩૮,૬૫,૦૨,૧૦૦ | ૪૦,૦૬,૧૭,૨૦૦ |
| ૭ | રીઝર્વ ફંડ | ૧,૧૪,૧૦,૧૧૧ | ૧,૨૧,૮૦,૮૦૮ | ૧,૩૨,૦૭,૩૦૨ | ૧,૪૨,૯૬,૬૮૫ | ૧,૫૫,૮૧,૫૬૬ |
| ૮ | થાપણ | ૨૦,૩૧,૬૭,૫૫૦ | ૨૦,૭૦,૮૪,૯૫૦ | ૨૧,૮૪,૩૩,૩૫૦ | ૨૪,૬૬,૪૭,૭૯૩ | ૨૮,૯૯,૩૭,૮૦૬ |
| ૯ | વહીવટી ખર્ચ | ૬,૧૨,૯૯૪ | ૬,૨૬,૫૯૭ | ૫,૬૯,૯૫૨ | ૬,૬૪,૧૬૪ | ૬,૯૮,૧૯૩ |
| ૧૦ | નફો | ૩૦,૩૭,૧૮૯ | ૪૦,૬૮,૩૭૬ | ૪૩,૪૫,૫૩૨ | ૫૧,૧૦,૭૨૪ | ૫૪,૭૮,૧૦૯ |
| ૧૧ | શેર ડિવિડન્ડ | ૨૧,૬૭,૧૦૮ | ૨૯,૨૨,૭૪૫ | ૩૦,૨૪,૮૭૦ | ૩૫,૭૬,૭૧૭ | ૩૭,૧૮,૦૪૩ |
| ૧૨ | બેંક ખાતે જમા | ૮૨,૧૯,૪૨૨ | ૫૪,૫૨,૧૫૦ | ૬૦,૮૩,૩૫૭ | ૭૩,૬૬,૦૫૪ | ૯૦,૯૦,૯૯૦ |
| ૧૩ | વાર્ષિક ટર્ન ઓવર | ૮૬,૪૨,૨૧,૭૯૨ | ૧,૦૦,૩૬,૫૭,૭૭૨ | ૯૮,૮૭,૦૬,૫૬૨ | ૧,૦૨,૨૭,૫૬,૧૫૨ | ૧,૧૪,૨૯,૧૪,૬૪૬ |
| ૧૪ | કરજ વ્યાજ વળતર | ૨,૫૬,૫૨૨ (૧%) | ૪,૦૫,૭૦૬(૧.૫%) | ૫,૭૯,૭૦૩(૨.૦૦%) | ૪,૫૬,૦૬૨ (૧.૫૦%) | ૭,૧૧,૦૭૬(૨.૦૦%) |
| ૧૫ | ફરજીયાત બચત | ૫,૯૮,૨૬,૩૫૦ | ૬,૯૭,૮૦,૮૫૦ | ૮,૦૧,૨૯,૧૫૦ | ૭,૦૪,૬૪,૭૫૦ | ૭,૭૮,૦૪,૪૫૦ |
| ૧૬ | શેર ડિવીડન્ડ (ટકામાં) | ૭.૦૦% | ૮.૦૦% | ૭.૫૦% | ૮.૦૦% | ૮.૦૦% |
| ૧૭ | ફરજીયાત બચત વ્યાજ | ૭.૮૦% | ૮.૫૦% | ૯.૦૦% | ૯.૦૦% | ૯.૦૦% |

**પંકજકુમાર કાન્તિલાલ ગજ્જર**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**ચેતનકુમાર ગણેશભાઈ પટેલ**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.

## આંતરિક ઓડીટરશ્રી



**અશ્વિનભાઈ બી. પ્રજાપતિ**
ડભોડા વિભાગ



**પ્રિયંકાબેન એસ. મકવાણા**
અડાલજ વિભાગ



**હિતેષકુમાર સી. પટેલ**
રાંધેજા વિભાગ

## કાર્યાલય કર્મચારીગણ



**મન્વેશકુમાર આર. પટેલ**
કાર્યાલય મંત્રી



**આકાશ ડી. સોની**
કાર્યાલય મંત્રી




**જીગર એમ. રાવળ**
સેવક


Website : www.gtpsssml.co.in
E-mail : gtpsssml@gmail.com
Facebook : www.facebook.com/gtpsml

# હક અને ફરજ

- આ સંસ્થા તમારી છે તેને વફાદાર રહેશો.
- તમારી સંસ્થાના તમો માલિક છો, તો માલિક તરીકે વર્તીને માલિકની ફરજ બજાવો.
- સંસ્થાની સફળતા અને નિષ્ફળતાના આધારિત તમે જ છો તે યાદ રાખો.
- આપને સહકાર આપવો અમારી ફરજ છે અને આપની પાસેથી યોગ્ય વર્તનની અપેક્ષા છે.



**શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ**

આપણે સાચી પરિસ્થિતિ સમજી લઈ સરકાર ઉપર આધાર રાખવાનું છોડી દઈ આપણી જવાબદારીઓ આપણે પોતે જ ઉપાડતા અને લોકોને તે ઉપાડી લેવાનું સમજાવતા થઈ જવું જોઈએ.

સંગઠન વિનાનું સંખ્યાબળ એ બળ નથી. સૂતરના બારીક તાર જુદા જુદા હોય છે, પણ જ્યારે મોટી સંખ્યામાં ભેગા થઈને મહોબત કરે છે, તાણા વાણામાં વણાઈને કપડાનું રૂપ લે છે ત્યારે એની મજબૂતી, સુંદરતા અને ઉપયોગીતા અદ્‌ભૂત બની જાય છે. આપણું ધ્યેય શુદ્ધ હોય ત્યારે આપણી ત્રુટીઓ સુધારવાનો આપણે હંમેશા પ્રયત્ન કરવો જોઈએ.


પંકજકુમાર કાન્તિભાઈ ગજ્જર
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.


**પ્રતિશ્રી,**

**Book Post**


રવાના
**શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.**
૧૬૨/૧, આનંદ વાટિકા, સેક્ટર-૨૨, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૫૭૩૨



મુદ્રક : શ્રી ભગવતી પ્રિન્ટીંગ પ્રેસ, ૧૦, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૩, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૦૮૧૫